(17)

પોલીસ ઇન્સપેક્ટર અને તેનાથી નીચેના દરજ્જાના પોલીસ અમલદારોને આપવામાં આવતા રોકડ ઇનામની રકમામાં વધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : મહક-૧૦૯૮-૫૨૮ (૧)-વ

સચિવાલય, ગાંધીનગર.

**તારીખ : ૧૭-૦૮-૨૦૨૨**

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત પોલીસ મેન્યુઅલ – ૧૯૭૫ ના ભાગ – ૧.

(૨) ગૃહ વિભાગના તારીખ ૨૦/૦૮/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક : મહક-૧૦૯૮-૫૨૮ (૧)-વ

(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી કચેરી, ગાંધીનગર નો તારીખ ૨૮/ ૧૧ /૨૦૧૮ના પત્ર ક્રમાંક: જી-૧/ક્રાઇમ/ટે-૨/ઇનામ દરખાસ્ત/૧૮/૧૧૮૫૦/૨૦૧૮

**ઠરાવ :-**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના ગુજરત પોલીસ મેન્યુઅલ – ૧૯૭૫ ના ભાગ ૧ના નિયમ ૨૬૫ (૧) થી **પોલીસ ઇન્સ્પેક્ટર અને તેનાથી નીચેના દરજ્જાના પોલીસ અમલદારોને** તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા, હિંમ્મત અને શૌર્ય દ્વારા નાસતા ફરતા ગુનેગારોને પકડવા તેમજ ગુનાની તપાસમાં અપવાદરૂપ સારી કામગીરી માટે નિયમ ૨૬૫ (૫) મુજબ રોકડ ઇનામ આપવાનું નક્કી થયેલ છે. ત્યારબાદ વિભાગના વંચાણે લીધા ક્રમાક (૨) સામેના તારીખ ૨૦-૦૮-૧૯૯૯ ના ઠરાવથી આ ઇનામની રકમમાં સુધારો કરવામાં આવેલ. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી કચેરી, ગાંધીનગરે તેમના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તારીખ ૨૮/૧૧/૨૦૧૮ના પત્રથી આ ઇનામની રકમમાં વધારો કરવા દરખાસ્ત કરેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ કાળજીપૂર્વક વિચારણાને અંતે વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૨૦/૦૮/૧૯૯૯ ઠરાવમાં સુધારો કરી, ગુજરાત પોલીસ મેન્યુઅલ – ૧૯૭૫ના ભાગ-૧ ના નિયમ ૨૬૫ (૧) (ક)માં જણાવ્યાનુસાર પોલીસ અમલદારોને ગુજરાત પોલીસ મેન્યુઅલ – ૧૯૭૫ના ભાગ-૧ ના નિયમ ૨૬૫ (૫) અને વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૨૦/૦૮/૧૯૯૯ના ઠરાવથી નિયત થયેલ રોકડ ઇનામની રકમમાં વધારો કરવા અને તે આપવાની સત્તાઓની જોગવાઇમાં નીચેના કોષ્ટકનાં કોલમ – ૨ માં જણાવેલ સક્ષમ સત્તાધિકારીને કોલમ – ૩ માં જણાવ્યા મુજબની ઇનામની રકમ મંજુર કરવાની સત્તા આપવાનું નીચેની શરતો/સ્પષ્ટતાઓને આધિન આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | મંજુર કરનાર સક્ષમ સત્તાધિશ | ઇનામની રકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | રાજ્ય સરકારશ્રી | રૂ.૨,૦૦,૦૦૦/- થી વધુ પરંતુ વ્યક્તિ દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |
| ૨ | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય | એક કેસમાં રૂ.૨,૦૦,૦૦૦/- પરંતુ વ્યક્તિ દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |
| ૩ | ❖ પોલીસ મહાનિદેશકશ્રી/અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલ્વેઝ, એ.ટી.એસ., કોસ્ટલ સિક્યુરીટી તથા સમકક્ષ અધિકારીશ્રી<br>❖ નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો,<br>❖ પોલીસ કમિશ્નરશ્રી | એક કેસમાં રૂ.૧,૦૦,૦૦૦/- પરંતુ વ્યક્તિ દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |
| ૪ | પોલીસ મહાનિરીક્ષકશ્રી/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી તથા સમકક્ષ અધિકારી | એક કેસમાં રૂ.૨૦,૦૦૦/- પરંતુ વ્યક્તિ દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |
| ૫ | પોલીસ અધિક્ષકશ્રી/સેનાપતિશ્રી તથા સમકક્ષ અધિકારી | એક કેસમાં રૂ.૧૦,૦૦૦/- પરંતુ વ્યક્તિ દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |

**<u>શરતો/ સ્પષ્ટતાઓ:-</u>**

**(૧) અધિકારી/કર્મચારી માટે ઇનામ આપવા બાબત :-**

- એક અધિકારી/કર્મચારીને વાર્ષિક વધુમાં વધુ ૨૫ ઇનામ આપી શકાશે અને જો તેનાથી વધુ વખત ઇનામ આપવાની જરૂરીયાત ઉભી થાય તો તે અંગેની મંજુરી જે અધિકારીશ્રીને ઇનામ મંજુર કરવાની સત્તા હોય તેનાથી એક ઉપરના સત્તાધીશને આ અંગેના વાજબી કારણો સાથે દરખાસ્ત રજુ કરી તેમની પાસેથી મંજુરી મેળવવાની રહેશે.
- એક અધિકારી/કર્મચારીને સર્વિસ દરમ્યાન વધુમાં વધુ ૫૦૦ ઇનામ મળવાપાત્ર થશે અને જો તેનાથી વધુ વખત ઇનામ આપવાની જરૂરીયાત ઉભી થાય તો તે અંગેની મંજુરી જે અધિકારીશ્રીને ઇનામ મંજુર કરવાની સત્તા હોય તેનાથી એક ઉપરના સત્તાધીશને આ અંગેના વાજબી કારણો સાથે દરખાસ્ત રજુ કરી તેમની પાસેથી મંજુરી મેળવવાની રહેશે.
- ઉક્ત બન્ને બાબતોમાં પ્રસંશાપત્રનો સમાવેશ થશે નહી.

(૨) ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૨૦/૦૮/૧૯૯૯, ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

(૩) આ વિભાગના નાર્કોટિક્સની રીવોર્ડ પોલીસી અંગેના તા.૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:નસધ/૧૦૨૦૧૯/૪૩૨/ઇ-૧ ની જોગવાઇઓ અને બાબતો લાગુ પડતી હશે ત્યા આ ઠરાવની જોગવાઇઓ અને બાબતો લાગુ પડશે નહિં.

આ અંગેનો ખર્ચ બજેટ સદર ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૦૧- MEP-6 જિલ્લા પોલીસ ખુદમાં થયેલ જોગવાઇઓ અને નાણાકીય વર્ષમાં આ હેતુ માટે મંજૂર થયેલ અનુદાનની મર્યાદામાં કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૧૭-૧૧-૨૦૨૧ ની નોંધથી તથા સરકારશ્રીની તારીખ ૧૭-૦૮-૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Jigar

(જીગર પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,

* માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ શહેર, ગુજરાત.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, તમામ રેન્જ, ગુજરાત.
- પોલીસ અધિક્ષકશ્રી, તમામ જીલ્લા, ગુજરાત.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ/ઝ.૧- શાખા, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર./અમદાવાદ.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર./અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી, આર, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

ગુજરાત પોલીસ મેન્યુઅલ-૧૯૭૫ ભાગ-૧ના નિયમ
૨૬૫(૫) માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મહક-૧૦૯૮-૫૨૮(૧)-ઈ
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૦/૮/૯૯

વંચાણમાં લીધો : પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, અમદાવાદનો
તા.૧૦-૧૧-૧૯૯૮નો પત્ર ક્ર : જી.૧-સી.૩-૧૯૯૧-મેન્યુઅલ
સુધારો-૯૮/૨૬૫

ઠ રા વ

ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૧ ના નિયમ ૨૬૫ અનુસાર પોલીસ ઈન્સ્પેકટર અને તેની નીચેના દરજ્જાના પોલીસ અમલદારોને તેઓની ફરજ પ્રત્યેની નિષ્ઠા, હિંમત, શૌર્ય, નાસતા ફરતા ગુનેગારને પકડવામાં તેમજ ગુનાની તપાસમાં અપવાદરુપ સારી કામગીરી માટે ઈનામો મંજુર કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે.

(૨) ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૧ના નિયમ ૨૬૫ (૫) સુધારા કાપલી નં.૬૦-૬૧ની જોગવાઈ મુજબ હાલમાં પોલીસ અધિકારીઓને દરેક કેસમાં તેમજ એક કર્મચારી/અધિકારીને નીચે જણાવ્યા પ્રમાણેની રોકડ ઈનામ આપવાની સત્તા આપવામાં આવેલી છે.

| | વધારેમાં વધારે રકમ | |
|---|---|---|
| | એક કેસમાં | એક જ કેસમાં વ્યકિત દીઠ |
| (૧) પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી | રૂા. ૧૦,૦૦૦/- | રૂા.૧,૦૦૦/- |
| (૨) ખા.મુ.પો.અ.શ્રી/પો. કમિ.શ્રી ના.મુ.પો.અ.શ્રી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૫૦૦/- |
| (૩) જિ.પો.અ.શ્રી/ના.પો. કમિશ્રી | રૂા. ૧,૦૦૦/- | રૂા. ૨૦૦/- |

૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ રોકડ ઈનામ આપવાની ઉપરોકત સત્તામાં વધારો કરવા માટે આમુખમાં દર્શાવેલ તા.૧૦-૧૧-૯૮ના પત્રથી દરખાસ્ત કરેલ. જે અંગે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્ય સરકારે ડી.જી.પી., એડી. ડી.જી.પી., આઈ.જી.પી., ડી.આઈ.જી. પોલીસ કમિશનર, રેન્જ આઈ.જી.પી., ડી.આઈ.જી. તેમજ ડી.એસ.પી. કક્ષાના પોલીસ અધિકારીઓની નીચે દર્શાવ્યા મુજબ રોકડ ઈનામ આપવાની સત્તામાં વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

..૨..

Scanned with CamScanner

| | વધારેમાં વધારે રકમ | |
|---|---|---|
| | એક કેસમાં | એક જ કેસમાં વ્યક્તિ દીઠ |
| (૧) ડી.જી.પી. | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૫,૦૦૦/- |
| (૨) અધિક ડી.જી.પી., પો.કમિ., રેન્જ આઈ.જી.પી. અને ડી.આઈ.જી. | રૂા. ૧૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- |
| (૩) જિલ્લા પોલીસ અધિકારી | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૧,૦૦૦/- |

૪. ઉપર મુજબના ઈનામો ખરેખર અપવાદરૂપ કિસ્સાઓમાં સારી કામગીરી માટે જ આપવાના રહેશે.

૫. રોકડ ઈનામ આપવાની સત્તા મર્યાદા સંબંધિત નાણાકીય વર્ષના મંજૂર થયેલ અનુદાનની મર્યાદામાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.ગામીત)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ

રવાના કર્યું
20 AUG 1999

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી
માન. મંત્રીશ્રી (રા.ક) ગૃહના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી
અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી
સચિવશ્રી, ગૃહના અંગત સચિવશ્રી
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, અમદાવાદ
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો અને તાલીમ, અમદાવાદ
પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ/સુરત/રાજકોટ/વડોદરા
બધા જ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ
બધા જ રેન્જના મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ
બધા જ નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ
વિભાગની સર્વે શાખાઓ
સીલેકટ ફાઈલ
નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ

સીપટેલ ૧૯૮૯૯

Scanned with CamScanner